॥ <u>જય હરી રામ બાપા</u> ॥

સૌરાષ્ટ્ર કાઠીયાવાડ સંત શુરા ભકતો અને સંતોની ભૂમિ છે. આ ભુમિમાં જન્મેલા લોકોની તાસીરમાં " અતિથી દેવો ભવ " અને મીઠો આવકાર સાથે બીજાને મદદરૂપ થવાની ભાવના લોહીમાં છે અને આપણા મહાન ગ્રંથ ગીતાજીના શ્લોક પ્રમાણે યુગે યુગે મહાપુરૂષોનુ અવતરણ થાય છે.આવા જ એક મહાન સંત એક ઉચ્ચ કોટીના ભકતની આજે વાત લખવી છે.

આપણે વીરપુરમા જન્મેલા જોગી ભકતરાજ જલારામ બાપાને જોયા નથી પણ તેની ભકિત અને રોટલો આજે પણ જગ વિખ્યાત છે. આવા જ એક અવતારી મહાપુરૂષ ફરીથી પાંચાળની ભૂમિ જસદણ ગામમાં પિતા કાનજીભાઈ પૂંજાભાઈ ઠકરાલ અને માતા કુંવરબા ના ઘરે સંવત ૧૯૯૦ ના શ્રાવણ વદી ૧૩ ને ગુરૂવાર તા.૬/૯/૧૯૩૪ માં જન્મ લીધો અને એનુ નામ "હરી " બાળપણ થી જ ભકિત અને ભજન તેમજ પરોપકારના ગુણો કુંટુબના વારસામાં મળેલા. હરી રામ બાપાને છ ભાઈઓ હતા તેમા ત્રણ ભાઈ મોટા રતીભાઈ, મગનભાઈ, મનસુખભાઈ, ચોથો નંબર હરીરામ બાપાનો ત્યારબાદ બે ભાઈ શાંતીભાઈ અને ભાયલાલભાઈ, બે બહેનો મુકતાબેન અને સવિતાબેન. એમણે જસદણની સ્કૂલમાં ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરેલ એમા એમનો સંસ્કૃત વિષયમાં હમેંશા પ્રથમ નંબર આવતો. તેમના પિતા કાનજીભાઈ ને ઠા. કાનજી પૂંજાભાઈ ઠકરાલ નામથી પટેલ સ્ટ્રીટ જસદણમાં કરીયાણાની દુકાન હતી અને દુકાનની પાછળ જ રહેવાનુ મકાન હતુ.

ઈ.સ. ૧૯૪૮ માં જસદણમાં વેપારમાં સરખુ ન આવતા મોટા ત્રણેય ભાઈઓએ બહાર કમાવવા જવાનો વિચાર કર્યો. મોટાભાઈ રતીભાઈ મુંબઈ ગયા, મગનભાઈ નાગપુર અને મનસુખભાઈ દિલ્હી ગયા તેથી જસદણ કરીયાણાની દુકાનની જવાબદારી બાપાના શિરે આવી. નાગપુરમાં બીજા નંબરના ભાઈ મગનભાઈ એ ત્રણ વર્ષ નોકરી કરી પોતાનુ અગરબતીનુ કામ શરૂ કર્યુ અને પછી જસદણથી બાકીના ત્રણે ભાઈઓને પણ નાગપુર તેડાવી લીધા અને આમ પૂ. બાપા પણ નાગપુરમા આવી ગયા. બાપાની યૂવા અવસ્થા હોય લગ્ન માટે પ્રસ્તાવ આવ્યો તો પૂ. બાપાએ મંજુરી ન આપી. પૂ. બાપા થોડો સમય નાસીક મનિષા દેવીના આશ્રમમાં તેમજ મુંબઈ વિલેપાર્લેમા રહયા. નાનપણમાં જસદણમાં પૂ. નાગજીબાપાને ગુરૂ બનાવેલા. મુંબઈ સન્યાસ આશ્રમમાં નાગપુર બાપાના ઘરેથી મંજુરી મળે તો જ રહેવાનુ કહેવામાં આવ્યુ પણ ઘરે પૂ. કુંવરબા એ મંજુરી ન આપી, કહયુ બેટા ભકિત તો ઘરે રહીને પણ થાય. જસદણ બાપાના પૂ. પિતાશ્રી કાનજીબાપાનો સ્વર્ગવાસ થયો ત્યારે બાપાની ઉંમર ફકત ૧૫ વર્ષ હતી. પોતાના પિતાશ્રીના મોક્ષાર્થે પૂ. બાપાએ પોતે જ ભાગવત કથાનુ વાંચન કરેલુ. પૂ. કુંવરબા સાંભળે અને બાપા વાંચે. પૂ. કાનજીબાપાના અસ્થિ વિસર્જન પૂ. બાપાએ જસદણ નજીક આવેલા ઘેલા સોમનાથમાં આવેલી ઘેલા નદીમાં કરેલા. આમ તો ગંગાજીમા અસ્થિ વિસર્જનનું મહત્વ છે પણ એવી આર્થિક પરિસ્થિતિ ન હતી માટે પૂ.બાપાએ ઘેલા નદીને ગંગા માની લીધેલી.

પૂ. બાપા નાગપુર આવ્યા પછી ભાઈઓના અગરબતીના ધંધામા જોડાયા અગરબતી બનાવતા વર્કરો સાથે ધૂન બોલાવતા જાય અને અગરબતી બનાવતા જાય અને ભકિતની સુગંધ અગરબતીમાં પ્રગટી ધંધામાં સફળતા મળવા લાગી પછી પૂ. બાપાના ભાભી કાંતાબા ઘરેથી રોટલા બનાવી આપે અને કહે કે હરીભાઈ પહેલા બે ચાર ભુખ્યાને રોટલા જમાડીને આવો પછી જ જમવા મળશે તો બાપા રોટલા લઈ ભૂખ્યાને પહેલા જમાડે પછી જમે આમ વડીલના ભકિત ભાવ અને અન્નદાનનાં સંસ્કારો જીવનમાં ઉતર્યા. પછી ચિત્રકુટમાં પૂ. રણછોડદાસ બાપુના સંપર્કમાં આવતા તેમની સેવાકીય પ્રવૃતિમાં પણ જોડાયા અને આ સેવા યજ્ઞ (નેત્રદાન)માં ભોજન વિભાગ માં જ બાપાની ડયુટી રહેતી.

૧૯૬૫ માં ભાઈઓ રસોડે તેમજ ધંધામાં જુદા થયા ત્યારે પૂ.બાપા ચિત્રકુટ હતા. પૂ.બાપાના ભાગમાં જસદણની દુકાન તેમજ મકાન તેમજ થોડીક રોકડ રકમ પણ આવી. ભાઈઓએ કહયુ આ રકમ અમને વ્યાજથી આપી દયો તો પૂ. બાપાએ કહયુ ભાઈઓ પાસેથી વ્યાજ ન લેવાય. ભાઈઓના આગ્રહથી પૂ. રણછોડદાસ બાપુને આ વાત કરી તો તેમણે કહયુ, રકમ ભાઈઓને જ વ્યાજથી આપો અને જે વ્યાજ આવે તેમા મારા તરફથી રૂા.૫ કે રૂા.૧૧ ઉમેરી સદાવ્રત ચાલુ કરો. બાપાને આ વાત ગમી તેમણે

નાગપુરના બડકસ ચોકમા જ સદાવ્રતના શ્રી ગણેશ કર્યા પછી સમય જતા મોટાભાઈ રતીભાઈના ઘરે ગાંધીબાગમાં સદાવ્રત ચાલુ કર્યુ જે અત્યારે " શ્રી ગણેશ નિવાસ" ના નામે ઓળખાય છે. ત્યાં એક રૂમમાં પૂ. જલારામ બાપાની છબી પધરાવી એક ઢોલીયો પણ બનાવ્યો અને અન્નક્ષેત્ર ચાલુ કર્યુ. પોતે પોતાની જાતે જ અનાજ કરીયાણુ તેમજ મગબાફણા લેવા જતા ઘરે અન્નક્ષેત્રનુ કામ વધ્યુ તો ત્રણ બહેનો પૂ. ગંગા બા, પૂ. મણિબેન, અને પૂ. હીરાબેન પણ આ સેવામાં સેવા ભાવથી જોડાયા. પૂ. બાપા રોટલામાં જ બેસન આપી દયે. પછી તો ભિક્ષુકોની લાઈનો લાગી, ભિક્ષુકો ભોજન પ્રસાદ લઈને પછી વધેલા રોટલા અને બેસન લઈ બાપા સાઈકલ લઈ જાગનાથ મંદિર, મોમીનપુરા, મસ્જીદે શ્રી રામ મંદિર શનિચરા સુધી જાય અને જયાં જયાં ભિક્ષુક દેખાઈ ત્યાં રોટલા બેસન આપતા જાય. આમ બે કિલોમીટર સુધીમાં રામમંદિર સુધીમાં રોટલા અને બેસન પૂર્ણ થાય એટલે રામ મંદિરે બેસનની બરણી સાફ કરી પાણીથી ભરી દયે અને વળતા બધાને પાણી પીવરાવતા જાય.

પૂ. બાપાને નાનપણથી જ ભકિતનો રંગ હતો બસ એજ ધ્યેય અન્નદાન કરવુ અને ભજન કરવુ અને પોતાની ૧૫ વર્ષની ઉંમરે બાપા પહેલી કથા ભાવનગર ઉનડકટ પરીવારના આંગણે (મે. શાંતીલાલ ચુનીલાલ નાગપુરવાળા) શ્રવણ કરવા ગયેલા.પછી તો પૂ. ડોંગરેજી મહારાજની કથા હોય પૂ. રવિશંકર મહારાજ કે પૂ. મોરારીબાપુ કે પૂ. રમેશભાઈ ઓઝાની કથા હોય બાપા દરેકના પરીચયમાં કથા માધ્યથી આવેલા. વર્ષ ૧૯૭૮ માં શ્રી જલારામ મંદિર નાગપુરના લકકડગંજમાં નિમાર્ણ થતા એમના ટ્રસ્ટીઓના સૂચનને માન આપી ઠાકોરજી પાસે  ચીઠી ધ્વારા રજા લઈ સદાવ્રતનો જલારામ મંદિરે સ્થાળતંર કર્યુ. વર્ષ ૧૯૮૦ માતા કુંવરબાનુ અવસાન થતા બાપા સંસારમાથી થોડા મુકત થયા. કુંવરબાએ પોતાના અંતિમ સમય સુધી પૂ. બાપાને સાથે જ રાખેલા. પૂ.બાપાએ માતાની આજ્ઞા પાળી તેમની સેવા કરી અને માતૃ ઋણ ચુકવ્યુ. પછી રાજકોટમા એક કોઈ સંત મળ્યા તેમણે બાપાને કહયુ આપ કોઈ જગ્યાએ અખંડ રામધુન શરૂ કરો. આ મહાત્માનો શુભ વિચાર બાપાને ગમ્યો અને હનુમાન જયંતિના શુભ દિવસે ૧૯૮૨ માં જસદણ મુકામે અખંડ રામધુન અને સદાવ્રતના શ્રી ગણેશ કર્યા જે આજે પણ ચાલે છે. પછી બાપા જસદણ જ રહયા પણ નાગપુર રહેતા તેમના પરીવાર કહે બાપા તમે અહી રહો તો નાગપુરનુ શું થાય ? બાપા કહે તમે નાગપુરમાં અખંડ રામધુન અને સદાવ્રત શરૂ કરો. એટલે નાગપુરમાં પૂ.બાપાનો પરીવાર અને રઘુવંશી સમાજે ૧૯૮૩માં જલરામ મંદિર ખાતે રામનવીના પવિત્ર દિવસે અખંડ રામધુન શરૂ કરી પછી બાપા છ મહીના નાગપુર અને છ મહીના જસદણ રહેવા લાગ્યા. નામ સ્મરણ પછી કથાનો યુગ શરૂ થયો. તેમા ૧૯૯૦ થી પૂ. હરીરામ બાપા પૂ. મોરારી બાપુ, પૂ.રમેશભાઈ ઓઝા તેમજ અન્ય કથાકારોની કથા શ્રવણમાં જવા લાગ્યા. ત્યારબાદ હાથીજણ પૂ. લાલબાપુ સાથે પણ ગાઢ પરીયચ થયો. લાલબાપુએ હાથીજણ નો આશ્રમ તમે સંભાળો. હવે મારી વૃધ્ધા અવસ્થા થઈ છે તો પૂ. બાપાએ સવિનય અસ્વીકાર કરી કહયુ બાપુ મારાથી મારૂ શરીર પણ સચવાતુ નથી તો આશ્રમ કયાંથી સચવાય ? અને સાધુ તો ચલતા ભલા એ સુત્રને સાર્થક કરી બાપાએ કયાંય આશ્રમ સ્થાપ્યો જ નહી અને પોતાના ભાગમાં આવેલુ જસદણનુ મકાન, દુકાન અને રોકડ મુડી પણ ટ્રસ્ટને સોંપી દીધી અને ૨૦૦૦ થી ૨૦૧૪ એમ ૧૪ વર્ષ સુધી સંપૂર્ણ ભારતના તિર્થ ક્ષેત્રોમાં ભ્રમણ કર્યુ. પૂ. બાપાએ બાર જયોર્તિલીગ અષ્ટ વિનાયકના દર્શન કર્યા કદાચ જયોર્તિલીગમાં એકાદ  બાકી હશે. વચ્ચે ૨૦૦૫ થી પૂ. બાપાએ કોઈના લગ્ન પ્રસંગે જવાનુ બંધ કર્યુ અને ફરજીયાત જો જવાનુ થાય તો સાથે બાર કલાકની ધુન રાખો તો બાપા ત્યાં આવે પછી વચ્ચે પ્રસંગમા હાજરી આર્શીવાદ આપી ચાલ્યા જાય.

પૂ. બાપાને કોઈ ધાર્મીક ફંકશનમાં પ્રવચન કરવાનુ કહે તો બાપા ફકત રામધુન કે સુંદર કાંડના પાઠનુ જ પઠન કરે.આમ પૂ. બાપાએ જલારામ બાપાનું સુત્ર ભજન ખુદ કરો,ભોજન બીજાને કરાવો "દેને કો ટૂકડા ભલા, લેનો કો હરી રામ " આ સુત્રને જીવન પર્યન્ત સાર્થક કર્યુ. પછી જસદણ જલારામ બાપાનુ મંદિર છે તેની આસપાસના મકાન લઈ એક વિશાળ મંદિર બનાવ્યુ.  ત્યારબાદ પૂ. વિરબાઈમા ની જન્મ ભૂમિ આટકોટમાં પણ પૂ. બાપાએ વિરબાઈમાંનુ મંદિર બનાવ્યુ પણ રામધુન અને સદાવ્રત ચાલુ કર્યુ અને વિશ્વમાં પ્રથમ અને એક માત્ર મા" વિરબાઈનુ મંદિર આટકોટમા છે . ત્યારપછી બાપાના  ભત્રીજા ઘનશ્યામભાઈ જેમને ઘરે શ્રી ગણેશ નિવાસ મા જ બાપા રહેતા તેમણે નાગપુરથી દુર કલમેશ્વર (MIDC

એરીયા)મા વિશાળ જગ્યા ધંધા માટે લીધી અને ધંધાના સ્થળાંતર માટે પૂ. બાપાની મંજુરી માંગી તો બાપાએ કહયુ આટલે દુર ધંધા માટે જવાની જરૂર નથી. ત્યાં રામધુન અને અન્નક્ષેત્ર ચાલુ કરી દયો તો ૨૦૦૦ ની સાલમાં પૂ. બાપાના વરદ હસ્તે રામધુન અને સદાવ્રતનો શુભારંભ થયો અને અનેક જગ્યાએ બાપાએ માતબર રકમ આપી અને પોતાના પરીવારજનોને અને પૈસાપાત્ર ભકતો પાસે દાન કરાવ્યુ પણ પોતે કોઈ પદગ્રહણ ન કર્યુ. પૂ. બાપા લભગગ દરેક શ્રાવણ માસ જસદણની બાજુમાં આવેલા ઘેલા સોમનાથ મહાદેવની જગ્યામાં આખો મહીનો રોકાઈ બ્રહમ ચોર્યાસી કરાવતા જેમા પૂ. બાપાના જસદણ, નાગપુર, વિછીયા, અમદાવાદ, અમરેલી અને અનેક ભકતોએ લાભ લીધો. પૂ. બાપાને બોલાવવા હોય તો રામધુન અને રામકાથા કે ભાગવત કથા હોય તો જ બાપા આવે. પૂ. બાપાને જસદણ ભકતોએ તેમજ વિંછીયા, અમરેલીના ભકતોએ ઘેલા સોમનાથ મંદિરમાં આખો શ્રાણવ માસ અખંડ સેવાનો તન,મન,અને ધનથી સહકાર આપ્યો.

પૂ. બાપાએ નવા નવા કથાકારોને તેમના ભકતોના આંગણે કથા કરવાનો અવસર આપ્યો. લગભ્મગ કોઈ કથાકાર કે સાધુ, બ્રાહમણ બાપાથી અજાણ નહી હોય. પૂ. બાપા શ્રાવણ મહીના પછી નૈનપુર જલરામ મંદિર તેમજ સાંણદ જલારામ મંદિરમાં કથા માટે જતા અને રામનવમી લગભગ ચિત્રકુટ મા જ રહેતા ત્યાં પણ કથા અને સાધુ સંતોનો ભંડારો કરતા. પૂ. બાપાએ કયારેય જ્ઞાતિ ભેદ કે પંગત ભેદ નહતો રાખ્યો. તેમજ ગરીબ કે પૈસાદારને અલગ નહોતા ગણયા. એમનુ નિત્ય કર્મ વહેલી સવારે નિત્ય પ્રાર્થના પછી ભકતોને ચા–નાસ્તો પછી કથા શ્રવણ બાદ સાંજે સુંદર કાંડનો પાઠ અચુક કરવાનો જ અનેક જગ્યાએ પૂ. બાપાએ અખંડ રામધુન અને અન્ન ક્ષેત્રો ચાલુ કર્યા છે.

પૂ. બાપાએ ઠકરાલ પરીવારને જ પોતાનો પરીવાર નહી પણ તેમના દરેક ભકતોને હરિનો પરીવાર ગણ્યો છે અને હરી પરીવાર આજે પણ પૂ. બાપાના જીવન મંત્રને સાર્થક કરે છે. પૂ. બાપાના અનેક ભકતો વસેલા છે. વ્યકિત નામનો ઉલ્લેખ નથી કરતા કોઈ રહી જાય તો ખોટુ લાગે માટે જે હરી પરીવારમાં રંગાયેલા છે તે રામમય અને ભોજન કરાવવામા માનવા વાળો છે. બાપા સાથે રહેવાવાળા અનેક ભકતોને આજે પૂ. બાપાની ખોટ વરતાઈ છે. પૂ. બાપા જસદણ આવતા તો ઘેલા સોમનાથ ,પાળીયાદ, અમદાવાદ, જતા તો નૈનપુર, કમીજલા, સાણંદ જતા ડાકોરના ઠાકોર રણછોડરાય બાપાને હૃદયે વસેલા હતા. અમરેલી તરફ આવતા તો ચલાલા, (દાન મહારાજની જગ્યા ફતેપુર (ભોજા ભગતની જગ્યા) લીલીયા (વસંત દીદીનો આશ્રમ) બાપા અચુક જતા. ચલાલા દાન મહારાજની જગ્યાના ગાદીપતી પૂ. વલકુબાપુ સાથે બાપાને અનન્ય નાતો હતો. પૂ. વલકુ બાપુ પોતાના વકતવ્યમાં કહેતા કે આપણે જલારામ બાપાને જોયા નથી પણ એક એમનુ જ કાર્ય અને એમનુ જ રૂપ લઈ હરીરામ બાપા આપણી વચ્ચે છે જે આપણુ સદભાગ્ય છે. ફતેપુર ગુરૂ ગાદી ભોજલરામ બાપાના હાલના ગાદી પતી ભકિત રામ બાપુને મળવા પણ બાપા અચુક જતા તેમજ લીલીયા વસંત દીદીના આશ્રમે પણ સમયનાસુર જતા.અમરેલી બાપાને પ્રિય હતુ એટલે જ બાપાનો અંત સમય સં.૨૦૭૧ (૨૦૧૪) મા પોષ સુદી ૭ ને રવિવાર દિપકભાઈ ઘુઘરાળા વાળાના વ્યાસસને યોજાયેલી ભાગવત કથા (સૂચક પરીવાર) સાતમાં દિવસે નાગનાથ મહાદેવના સાનિધ્યમાં સવારે નાગનાથ મંદિરે દર્શન કરી પ્રદક્ષિણા દરમ્યાન ગૌમુખી પાસે રામ, લક્ષ્મણ જાનકીના મંદિર સામે રામ રામના ઉચ્ચારણ કરી પોતાના જીવને શિવમાં સમાવી દીધેલો.

પૂ. બાપાએ રજાનો દિવસ રવિવાર પસંદ કર્યો અને નિત્યકર્મ સવારની પ્રાર્થના ભકતોને ચા–નાસ્તો કરાવી પોતે શિવ ઉપાસક – શિવમાં **સમાઈ** ગયા.આ વાત વાયુ વેગે અમરેલી, જસદણ અને નાગપુરમાં ફેલાઈ ગઈ.અમરેલીના એમના અન્નય ભકતો ની ભીડ ચોધાર આંસુએ જમા થઈ ગઈ.પછી તેના પાર્થિવ શરીરને જસદણ પોતાના માદરે વતનમા લઈ જવાનુ નકકી કર્યુ. નાગપુરથી એમનો પરિવાર અને સ્નેહીઓ તુરંત પ્લેન રસ્તે જસદણ આવવા નીકળી ગયા. પૂ. બાપાના ભકતોને જેમ ખબર પડી તેમ જસદણ ના માર્ગે સૌ નિકળી ગયા. પૂ. બાપાનો પાર્થિવ દેહ મંદિરમાં રાખવામા આવ્યો. સવારે ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી લાંબી લાઈનો બાપાના અંતિમ દર્શન માટે લાગેલી. આખુ જસદણ અને હરી પરિવાર ની આંખોમા આંસુના ઘોડાપુર ઉમટયા. કોઈને બપોરે જમવામા રૂચી ન હતી. બપોરે ૩ વાગ્યે પૂ. બાપાની પાલખી યાત્રા આખા જસદણમાં ફરવાની હતી. આઠ વાગ્યે બાપાના પાર્થીવ દેહને નાગપુર તેમનો

પરીવાર લેવા માટે પ્લેન ધ્વારા આવી ગયેલો. આખા જસદણમાં લોકોને જયાં જગ્યા મળે ત્યાં મોબાઈલની લાઈટે બાપાના અંતીમ દર્શન માટે કતારો લાગી હતી. જેનો હું પણ સાક્ષી છું.

જસદણનો તમામ સમાજ હિંદુ, મુસ્લિમ પૂ. બાપાની પાલખી યાત્રામા જોડાયા અને બાપાની અંતિમ વિધી જસદણમા જ થાય તેવી જીદ પકડી પાલખી આડા સુઈ ગયા. પૂ. બાપાના પરિવારે બધાને ખુબજ સમજાવ્યા છતા કોઈ માનવા તૈયાર ન હતુ. બધાએ કહયુ હવે બાપા ઠકરાલ પરીવારના નહી અમારા સૌના છે માટે તેમની જન્મ ભૂમિમાં જ તેમના અંતિમ વિધી થાય. અંતે ઠકરાલ પરીવારની અથાગ સમજાવટથી લોકોએ રડતી આંખે એક શરતે બાપાને નાગપુર લઈ જવાની મંજુરી આપી. એમના પરીવારે જસદણમાં બાપાની કાયમી સ્મૃતી માટે અસ્તિકુંભ મંદિર બનાવવાની અને એમનો સંપૂર્ણ સહકારની ખાત્રી આપી અને અંતે બીજા દિવસે એટલે કે વર્ષ ૨૦૧૪ ના પોષ સુદી ૮ ને સોમવાર તા. ૨૯/૧૨/૨૦૧૪ વિક્રમ સંવત ૨૦૭૧ માં કલમેશ્વર જયાં બાપાએ અખંડ રામધુન અને અન્નક્ષેત્ર ચાલુ કરેલુ ત્યાં જ હજારો ભકતોની હાજરીમાં બાપાને અગ્નિદાહ આપવામાં આવ્યા અને આજે ત્યાં પૂ. બાપાનુ વિશાળ મંદિર તેમજ યાત્રાળુને રહેવા માટેની સુવિધા ઉપલબ્ધ છે. ગૌ શાળા તેમજ બીજા મંદિરોનુ પણ નિર્માણ થયુ તેમનુ સંચાલન આજે તેમનો પરિવાર કરે છે. આમ, યોગાનુ યોગ પૂ. જલારામ બાપાના પણ ૮૧ વર્ષે સ્વર્ગવાસ અને પૂ. હરીરામ બાપાનો પણ ૮૧ વર્ષે સ્વર્ગવાસ થયો.

ત્યારબાદ બાપાના અનેક જગ્યાએ અસ્થિ પધરાવ્યા અને મેઈન કલમેશ્વર, જસદણ અને અમરેલીમાં બાપાના અસ્થિકુંભના મંદિરો બન્યા. આજે અમારુ અમરેલી જે અમરવેલી છે તેમા શ્રી લોહાણા ગેસ્ટ હાઉસમા પૂ. જલારામ બાપાનુ મંદિર છે ત્યાં જ પૂ. હરીરામ બાપાના અસ્થિકુંભનુ મંદિર બન્યુ અને બાપાએ દર ગુરૂવારે શરૂ કરેલી કઢી, ખીચડી, શાક, ગુંદી, ગાંઠીયા, છાસનો પ્રસાદ સાંજે ૭ થી ૯ દરમ્યાન હવે તો સ્થાનિક ભકતોના સહકારથી દરરોજ શરૂ થયો.

કોઈપણ જ્ઞાતીના ભેદભાવ વગર આજે ભજન અને ભોજન ચાલુ છે.આટલેથી ન અટકતા બાપાની શ્રધ્ધાંજલી કાર્યક્રમમાં ઘેલા સોમનાથ મુકામે ધર્મસભામા સ્પષ્ટ વકતા નિડર એવા બોટાદવાળા આત્માનંદ સરસ્વતીજીના પ્રવચન કે બાપાને વર્ષો સુધી જીવતા રાખવા હોય તો એમના ફોટાથી નહી પણ એમના અધુરા કાર્યોથી અમર રહેશે અને અમરેલીના પૂ. બાપાના અનન્ય ભકતોએ સેવાની જયોતને પ્રજવલીત રાખવા નાગનાથ મંદિર પાસે જે જી.ઈ.બી. સર્કલ હતુ તે નગરપાલીકાની મંજુરીથી નાના બસ સ્ટેન્ડ ચોકને પૂ. હરીરામ બાપા ચોક એવુ નામ આપ્યુ અને ત્યાં સામે જ એક દુકાનમાં ગુંદી, ગાંઠીયાનો પ્રસાદ દરરોજ સવારે ૭ થી ૯ કોઈપણ વ્યકિતને જ્ઞાતિ જાતીના ભેદભાવ વગર અપાઈ છે તેમજ શિયાળામાં ઉકાળાનુ વિતરણ પણ થાય છે. એમા શ્રી હરીરામ સેવા ટ્રસ્ટની સ્થાપના થઈ અને ૯,૯૯૯/– રૂપિયાના દાનની સારા નરસા પ્રસંગની તિથી નોંધાય, મુડીના વ્યાજ માંથી આ પ્રવૃતિ ચાલુ થઈ. શરૂઆત થોડી વિકટ રહી પણ ટ્રસ્ટીશ્રીએ ઘટતી રકમ પોતાના શિરે લઈ તન,મન, ધનની સેવા આપી. હજુ થોડી નિધી બાકી છે. કોઈ બાપાના ભકતોને પોતાના સ્વજનની યાદમાં આ પૂણ્ય યજ્ઞમાં લાભ લેવો હોય તો નજીવી રકમ આપી દરેક તીથીએ એમનુ નામ ઈલેકટ્રીક બોર્ડમા આવે છે. તો આપ આમા આપેલા મોબાઈલ નંબરમાં સંપર્ક કરી શકો છો.

ત્યારબાદ જુના માર્કટયાર્ડમા પણ પૂ. હરીરામ બાપા ફ્રુટ માર્કેટ એવુ નામ કરણ થયુ. પુ. હરીરામ બાપાનુ નામ અમરેલીમાં અમર બની ગયુ. આજે એમના ટ્રસ્ટી ગણ પણ પૂ. બાપાના સેવા યજ્ઞમા તન, મન, અને ધનની આહુતી આપી રહયા છે. ખરેખર એ વંદનીય છે અને અમરેલીના આ કાર્યની પ્રેરણા લઈ બાજુમાં ચલાલા, ગામે શાક માર્કેટ પાસેના ચોકને પણ હરીરામ બાપા ચોકનુ નામ આપ્યુ તેમા પણ અમરેલીનો સંપુર્ણ સહયોગ રહયો છે અને ત્યાં પણ અત્યારે દર બુધવાર અને ગુરૂવારે સવારે ૭ થી ૯ ગુંદી, ગાંઠીયાની પ્રસાદીની શરૂઆત થઈ જેમા સ્થાનિક રઘુવંશી સમાજ અને ગાયત્રી પરિવારના મોભી રતિદાદાનું યોગદાન સરાહનીય રહયુ. બાપાએ એમની જીવન યાત્રા દરમ્યાન અનેક પરચા ભકતોને આપ્યા છે. એ વાતો લખીએ તો બુકોની બુકો ભરાઈ માટે એમના ભકતોનો કે એમના પરચાનો અત્રે ઉલ્લેખ કરેલ નથી.

<u>જીતુભાઈ ફ્રુટવાળા</u>

અમરેલીના પૂ. હરીરામ બાપાના સંભારણાને યાદ કરૂ તો અમરેલીમાં વર્ષો પહેલા પૂ. બાપા જીતુભાઈ સોમૈયા (ગોળવાળા ) ને ત્યાં આવતા તેમજ ત્યારે ડો. વી.જે. ઉનડકટ સાહેબના ઘરે જસદણના બેન હોય ત્યાં જતા. અમરેલીથી ચલાલા (દાન મહારાજની જગ્યા) , ફતેપુર (ભોજા બાપાની જગ્યા ) તેમજ લીલીયા (વસંત દીદીનો આશ્રમ) અને કયારેક ગારીયાધાર (વાલમરામ બાપાની જગ્યા)મા જતા. પછી તો જીતુભાઈ રૂપારેલીયા (ફ્રુટવાળા) બાપાના સંપર્કમા આવ્યા એમનો ભાવ અને સ્વભાવ જોઈ બાપા ત્યાં પણ જવા લાગ્યા. પૂ. બાપા રામધુન કે કથા હોય તો આવે એમ માની જીતુભાઈ ફ્રુટવાળાએ બાપાના સાનીધ્યમાં લગભગ છ કથા કરી એ દરમ્યાન પૂ. <u>બાપાનો</u> ઈશ્વરચંદ્ર વ્યાસ (ધરાઈ વાવડી–હાલ જુનાગઢ) તેમજ સરોજબેન તેરૈયા જેવા પણ સારા કથાકાર છે જેમની વાણીનો લાભ મળ્યો.

જીતુભાઈ ફ્રટવાળાને ત્યાં કથાના પ્રસંગ દરમ્યાન સારા પ્રસંગોની ઉજવણી પણ થઈ તેમના મોટા દિકરા દિપકભાઈના દિકરાની જનોઈ, નાની દિકરી પિયુબેનની સગાઈ અને લગ્ન અને તે પણ પૂ. બાપાના અનન્ય સેવક કાંતીભાઈ જસાણી (વિછીંયા) ના દિકરા બિપીનભાઈ ના દિકરા મિતેષકુમાર સાથે કર્યા તેમજ નાની દિકરા નિલની સગાઈ અને લગ્ન પણ પૂ. બાપાને સમર્પિત તેના અનન્ય સેવા અરવિંદભાઈ વડેરીયા (કુંકાવાવ–વાળા) ની દિકરી પૂજા સાથે કર્યા. પછી તો નિલના બન્ને દિકરાનુ નામકરણ પણ પરમેશ્વર અને શિવાંશ પૂ. બાપાએ કર્યુ.

જીતુભાઈ ફ્રુટવાળાનો આખો પરીવાર પૂ. બાપાને તન,મન અને ધનથી સમર્પિત છે તેમણે ગુરૂ વાકય અને ગુરૂ મહીમાને ઉજાગર કર્યો છે. જીતુભાઈ ફ્રુટવાળાના ધર્મ પત્ની મધુબેન સાક્ષાત વિરબાઈમાનું સ્વરૂપ છે તેમા તેની બન્ને વહુઓ ચિ.પૂનમબેન અને ચિ. પુજાબેન પણ સંપૂણ સહકાર આપે છે.

જીતુભાઈ પૂ. બાપાના નામથી કોઈપણ સતકાર્ય કરવામાં આનાકાની કરતા નથી અને તન,મન,ધનથી સેવા આપે છે અને સાથે તેમના નાનાભાઈ અશોકભાઈ અને તેનો પરીવાર પણ સામેલ છે. જીતભુભાઈ અને મધુબેન તેમજ તેમના પરીવારજનોએ બાપાએ બતાવેલ અન્નદાન, અને ગૌ દાન તેમજ પશુ પક્ષીની સેવામાં અથાગ યોગદાન છે. જીતુભાઈના આ કાર્યમાં તેમના રામ, લક્ષ્મણ જેવા બે દિકરાઓ દિપકભાઈ અને નિલભાઈ ખૂબજ હોંશથી અને ભાવથી સાથ આપેલ છે. ગૌશાળાની સેવા, બ્રહમ ચોર્યાસી, સુંદર કાંડના પાઠ તેમજ સાધુ બ્રાહમણ અને અતિથીનો સત્કાર તેમનુ નિત્ય કર્મ બની ગયુ છે અને પૂ. બાપાની કૃપાથી જેમ જેમ સારા કાર્યોમા મુડી વપરાઈ છે તેમ તેમ મુડી વધતી જાય છે. પૂ. બાપાની કૃપાથી ઘરમાં પરીવાર પ્રેમ અને વ્યસનથી મૂકત તેમજ દેખાદેખીથી દુર પરીવાર કિલોલ કરે છે. મોટી વાત એ છે કે તમે તેમના ઘરે જઈ પૂ. બાપાની વાત કહો તો આખુ ઘર ખૂબ જ રસપૂર્વક બાપાનુ જીવન ચરીત્ર બાપાની સુંદર વાતોને વાગોળી ધન્યતા અનુભવે છે અને પૂ. બાપાની કૃપાથી જીતુભાઈના ત્રણે વેવાઈઓનો પરિવાર પણ પૂ. બાપા સાથે જોડાયેલો છે. જેથી વેવાઈ પણ સાથે પણ અટુત સંબધ છે. જીતુભાઈ ને પૂ. બાપાએ અનેક પરચાઓ તેમજ અનેક વખત નુકશાન થતા કાર્યને અટકાવી ચેતવ્યા છે. આમ,જીતુભાઈ ફ્રુટવાળાનુ ઘર એ " બાપાનુ ઘર છે "

<u>જીતુભાઈ સોમૈયની વાત કરૂ તો</u>

અમરેલીમાં આ બે જીતુભાઈ સિવાય પણ ઘણા સેવકો છે જેમા સ્વ. અન્તુભાઈ સોઢા, શ્રી સતિષભાઈ આડતીયા, શ્રી રમણીકભાઈ ગઢીયા,શ્રી જગદીશભાઈ સેલાણી, શ્રી ભાવેશભાઈ આડતીયા, શ્રી હસુભાઈ ગણાત્રા, શ્રી લાલજીભાઈ સેલાણી તેમજ આગવી ઓળખ અને સંત પ્રેમી એવા જાણીતા સી.એ. શ્રી એ.ડી. રૂપારેલ સાહેબ તેમજ અસ્થિ કુંભ મંદિરનું સફળ સંચાલન કરે છે તે નિરવભાઈ વડેરા અને તેની ટીમ તેમજ નજીકના મહાજનોમા ગારીયાધાર મહાજન,બાબરા મહાજન, સાવરકુંડલા મહાજન, ચલાલા મહાજન, બગસરા મહાજન, વડીયા મહાજન,કુંકાવાવ મહાજન, ધારી મહાજન, લીલીયા મહાજન વિગેરે ગામમા પણ બાપાના અનન્ય સેવકો વસે છે તેઓ પૂ. બાપાના દરેક કાર્યમાં તન,મન, ધનથી સહકાર આપે છે. અત્યારે અમરેલી લોહાણા મહાજન, પુ. હરીરામ બાપાની જયોતને પ્રજવલીત રાખવા સતત કાર્યશીલ

છે. પૂ. બાપાના જીવન મંત્રને સાર્થક કરે છે તેમજ અમરેલી જીલ્લાના નાના નાના મહાજનોમા પણ પૂ. બાપાનો સેવાભાવની જલક જોવા મળે છે. આમ, આવા અવતારી મહાપુરૂષની વાતો લખવામા આપણી કલમ ટૂંકી પડે છતા જેટલી ખબર છે તેવી લખી મારી લેખન યાત્રાને **અલ્પ** વિરામ આપુ છું. કદાચ હવે પછીના પ્રકરણમાં નવા અધ્યાયને ફરી સ્થાન મળશે તો ચોકકસ આપની સમક્ષ રજુ કરીશ. બસ અત્યારે અહીથી અટકુ છું. સૌને રામ રામ જયશ્રી કૃષ્ણ.

અને છેલ્લે મારી આ લેખન યાત્રાને સતત માર્ગદર્શન શ્રી એ.ડી. રૂપારેલ સાહેબે પૂરૂ પાડેલ છે. તેમજ આ વેલ સાઈડને આખરી નિખાર અને ઓપ આપવામાં જેની સતત દોડધામ રહી છે તેવા શ્રી ધૃવીલભાઈ ધાનાણીને પણ (જેઓ પૂ. બાપાના ભકત છે.) ખૂબ ખૂબ અભિનદ સાથે તેમની પૂ. બાપાના આર્શીવાદથી ખુબજ આ ક્ષેત્રમાં પ્રગતી થાય તેવી શુભેચ્છા પાઠવુ છું.

પૂ. બાપાનુ જીવન ચરીત્ર અને એમની ભકિતગાથાને મારી સમજ પ્રમાણે લખવાનો પ્રયત્ન કરેલો છે. કદાચ કોઈ ભૂલ હોય તો બાપાના પરિવારના છો , બાપાની જેમ નજર અંદાજ કરી ક્ષમ્ય ગણશો. મારી આ લેખન યાત્રામાં કોઈ ભૂલ હોય તો સુધારી લેશો અને મારા હૃદયના ભાવ સાથે મારૂ સ્વરચિત અંતિમ શ્રધ્ધાંજલી કાવ્ય બાપાના ચરણોમાં સમર્પિત કરૂ છું.

.

યાદ બહુ આવે મને યાદ બહુ આવે રે...
આજે મારા હરીબાપા યાદ બહુ આવે...
બહુ રે સતાવે મને બહુ રે રડાવે રે.
મને મારા સદગુરૂ યાદ બહુ આવે
જસદણની જન્મ ભૂમિ પાવન કરી છે
નાગપુરની કર્મ ભૂમિ ઉજળી કરી છે પણ
અંત સમયે અમરેલીને રૂદયે ધરી છે એવા મારા
હરીબાપા યાદ બહુ આવે...
હરેરામ હરે કૃષ્ણ, કાનમા ગુંજે છે.
સુંદર કાંડની ચોપાઈ મુખમાં રમે છે.
પ્રભાતે ઉઠુ તો મને નિત્ય પ્રાર્થના સંભળાયે
એવા મારા હરીબાપા યાદ બહુ આવે.
શ્રાવણે ઘેલા સોમનાથ સુનુ સુનુ લાગે છે.
હરી વિના હરીહર આકુળ વ્યાકુળ લાગે છે
ત્યારે નાગનાથ દાદા ભકતોને કહેશે કે,
તમારા હરીરામ મારામા સમાયા છે.

આ ઉચ્ચ કોટીના આ પરમ આત્માને એમની દિવ્ય ચેતનાને વંદન કરી મારો આ નમ્ર પ્રયાસ આપના હાથમા મુકતા આનંદ અનુભવુ છુ.બાપા આપ સૌને સુખ શાંતી, સમૃધ્ધિ આપે અને આપ સૌ આપની યથા શકિત પ્રમાણે બાપાના સત કર્મમાં તન, મન, ધનથી મદદ કરો એવા ભાવ સાથે વિરમુ છું.

ફરી ફરી મારી લેખન યાત્રામાં કંઈક ભુલ હોય તો તે મારી જ હશે તેને ક્ષમ્ય ગણી તમારો છું સ્વીકારી લેશો. તમારા પ્રતિભાવથી મને આનંદ વધશે અને ભુલ શોધ છો તો મને એ સુધારવાનું માર્ગદર્શન મળશે.

તમારો પૂ. બાપાને સમર્પિત સેવક
અરવિંદભાઈ મનસુખભાઈ વડેરીયા– કુંકાવવાવ વાળા)
(મો.નં. ૯૪૨૭૨ ૩૮૨૪૩) ના હરી પરિવારના ઝાઝેરા રામ રામ....